**ક્લોઝ-અપ જિંદગી**
★ ભરત ઘેલાણી


પેરિસનું લૂવ્રે સંગ્રહાલય

# મ્યુઝિયમની સાથે હવે ઝૂને પણ 'આવજો' કહેવાનો સમય આવી ગયો છે?

**એક સંગ્રહાલય તો બીજું સંગ્રહસ્થાન... એક પૌરાણિક તો બીજું પ્રાકૃતિક. બન્ને અગત્યનાં છે આપણા માટે. આમ છતાં એ બન્નેને નાબૂદ કરવાની કેમ ચર્ચા ચાલી રહી છે?**

આદિ આદમના જમાનાથી માનવમાત્રને સંઘરવાની આદત પડી ગઈ છે, જેમાંથી જાતભાતનાં સંગ્રહાલયો સર્જાતાં ગયાં . હમણાં તાજેતર- આ નવેમ્બરના પ્રારંભમાં જ એક અજબ ડોલરના ખર્ચે ઈજિપ્તમાં વિશ્વનું સૌથી વિશાળ 'ગ્રાન્ડ ઈજિપ્શિયન મ્યુઝિયમ (GEM)' દર્શકો માટે સત્તાવાર રીતે ખુલ્લું મુકાયું છે. આશરે ૮૩૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા આ સંગ્રહાલયમાં દુર્લભ એવી ૫૬ હજારથી વધુ પ્રાચીન કલાકૃતિ છે. એટલું જ નહીં, ઈજિપ્તના આ તાજા સંગ્રહાલયમાં ત્રણ હજાર વર્ષ જૂનો તૂતનખામનની કબર અને એનો દુર્લભ ખજાનો પણ દર્શકોને જોવા મળે છે. આ મ્યુઝિયમની વિશેષતા એ છે કે એ માત્ર એક જ પ્રાચીન સંસ્કૃતિ -ઈજિપ્ત (સિંગલ સિવિલાઈઝેશન) પર આધારિત છે .

એક સમય એવો હતો જ્યારે દરેક દેશ માટે મ્યુઝિયમ અગત્યનાં ગણાતાં. આપણી સંસ્કૃતિ-કળા-ઈતિહાસને જાળવી રાખવા માટે સંગ્રહસ્થાન ભવ્ય ભૂતકાળ - વર્તમાનથી લઈને ભાવિને સાંકળી લેતી એક અતિ અગત્યની કડી ગણાતી પણ સમય પલટાતાં ઈલેક્ટ્રોનિક શોધખોળના પગલે પગલે આખી દુનિયા ડિજિટલ યુગમાં પ્રવેશી ગઈ. આ ડિજિટલ વિજ્ઞાને અનેક કામ સરળ-સસ્તા ને ઝડપી કરી દીધાં. આને કારણે હવે આજની યુવા પેઢીમાં એક નવો વિચાર રમવા માંડયો છે કે આટલી વિશાળ જગ્યામાં પથરાયેલાં સંગ્રહાલયોમાં અસંખ્ય-અગણિત ઐતિહાસિક વસ્તુઓની ગોઠવણી-જાળવણી પાછળ અનેક લોકોની જબરી જહેમત અને વધતા જતાં લખલૂટ ખર્ચાની હવે જરૂર છે ખરી?

જો કે બીજી તરફ, આવાં સંગ્રહાલયોની તરફેણ કરતો પણ એક વર્ગ કહે છે કે પાઠ્યપુસ્તકોમાં વાંચેલાં કે પછી દસ્તાવેજી ફિલ્મોમાં જોવાં મળેલાં અકબરનાં ભારેખમ બખ્તર કે શિવાજી મહારાજની જીવલેણ તીક્ષ્ણ તલવાર કે પછી સૌ પ્રથમ ચન્દ્રયાત્રા કરી ધરતી પર પરત થયેલું 'એપોલો-૧૧' યાન આજે આપણને મ્યુઝિયમમાં સાક્ષાત નજરોનજર નિહાળવા મળે છે. એના જેવી અનેક ઐતિહાસિક ક્ષણોને સાક્ષાત જીવવાનો કેવો અનન્ય રોમાંચ થાય?!

સામે પક્ષે એક વર્ગ એવો પણ છે, જે કહે છે આપણી કળા-સંસ્કૃતિની આ બધી વિરાસતને જો આપણે ડિજિટલરૂપે માત્ર એક ક્લિક દ્વારા જોઈ શકીએ- જોઈતી માહિતી મેળવી પણ શકીએ તો પછી લાંબાં- પહોળાં-ખર્ચાળ મ્યુઝિયમની શું જરૂર?

આ વિચારધારાની તાત્કાલિક અસર એ થઈ કે અસંખ્ય ઐતિહાસિક વસ્તુઓને ડિજિટલરૂપે અકબંધ સાચવી લઈને ઘણા દેશમાં નાનાં નાનાં મ્યુઝિયમ આટોપી લેવામાં આવ્યાં છે. એક અંદાજ મુજબ જગતના ૨૦૨ દેશમાં ૫૫,૦૦૦થી વધુ મ્યુઝિયમ છે. આપણા દેશમાં પણ પૌરાણિક વારસો ધરાવતાં આશરે ૮૦૦ સંગ્રહાલય આજે મોજૂદ છે. એટલું સારું છે કે આપણે ત્યાં આ મ્યુઝિયમો પર તાળાં લગાડી દેવાની કોઈ વૈચારિક ચળવળ હજુ શરૂ નથી થઈ.

જેમ આજે મ્યુઝિયમોને આટોપી લેવાની ચર્ચા ચાલી રહી છે ત્યારે અન્ય વિવાદાસ્પદ ચર્ચા-વિચારણા શરૂ થઈ ગઈ છે કે આજના જમાનામાં ઝૂ એટલે કે પ્રાણીસંગ્રહાલયોની પણ જરૂર કેટલી?!

સૌથી પહેલાં એ જાણવું જરૂરી છે કે ઝૂની જરૂર કેમ પડી? આની પાછળ સરળ તર્ક એવો છે કે આદિ જમાનાના માનવે એના શક્તિશાળી શત્રુ એવાં કેટલાંક જંગલી પશુ-પ્રાણીઓનો સામનો કરવો પડતો. પોતાનું અસ્તિત્વ જાળવી રાખવા માટે માનવીએ અનેકને હંફાવીને એમને પાળતું બનાવ્યાં તો જેમને આસાનીથી પાળી ન શકાય એવાં અમુક ખૂંખારને એક યા બીજી રીતે પરાજિત કરી બંધક બનાવ્યાં. આમ સમય જતાં પોતાનાં શૌર્ય વત્તા અહમમાંથી પ્રાણીસંગ્રહાલય 'પેદા' થયાં.

આમ જુવો તો આવાં સંગ્રહાલયનો પ્રારંભ છેક ઈશુ જન્મના ૨૫૦૦ વર્ષ પૂર્વે ઈજિપ્ત -મેસોપોટેમિયામાં થયો હતો એવું ઈતિહાસે નોંધ્યું છે. એ જમાનામાં જિરાફ-રીંછ-હાથી ઈત્યાદિને શ્રીમંતો પોતાને ત્યાં રાખતાં. એ પછી ૧૭૫૨માં વિશ્વનું સર્વપ્રથમ સત્તાવાર ઝૂ વિયેનામાં શરૂ થયું, જે આજે પણ કાર્યરત છે! ત્યાર બાદ તો યુરોપમાં ઝૂની હારમાળા શરૂ થઈ. એમાંથી મોટાભાગનાં પ્રાણીસંગ્રહાલય લંડનના સૌથી જૂના રિજન્ટ પાર્ક ઝૂને નજર સામે રાખીને બનાવવામાં આવ્યાં છે અને છેલ્લામાં છેલ્લા સર્વે મુજબ આજે જગતમાં ૧૦ હજારથી વધુ પ્રાણીસંગ્રહાલય છે, જેમાં સૌથી વધુ (૩૭૧) અમેરિકામાં છે. ત્યાર પછી જર્મનીમાં (૩૦૯) ઝૂ છે. ભારતમાં પણ ૩૪૭ જેટલાં ઝૂ છે પણ એમાંથી માત્ર ૧૬૪ને સત્તાવાર માન્યતા મળી છે.

આ બધા વચ્ચે, મ્યુઝિયમની જેમ - એના સમાંતરે ઝૂની પણ એ જે ચર્ચા-વિચારણા ચાલી રહી છે કે આજના જમાનામાં નવાં પ્રાણીસંગ્રહાલય બનાવવાની કે હયાત છે એની જાળવણી કરવી કેટલી જરૂરી..?

પ્રાણીપ્રેમીઓ તથા મૂંગાં પશુ-પ્રાણી પર થતાં અત્યાચાર વિરૂદ્ધ ઝુંબેશ ચલાવનારી સંસ્થાઓ પહેલેથી જ ઝૂને એક 'કાયમી નજરકેદ' રાખવાનાં સ્થળ તરીકે ઓળખાવે છે. થોડા મહિના પહેલાં અંબાણી પરિવારના 'વનતારા' પ્રાણીસંગ્રહાલય પણ એક આવા જ વિવાદમાં અટવાયું હતું. મુકેશ અંબાણીના સૌથી નાના પુત્ર અનંતના નેજા હેઠળ જામનગરમાં ૩૫૦૦ એકર પર ફેલાયેલા આ વિશાળ ઝૂમાં દેશ - વિદેશના આશરે દોઢ લાખથી વધુ પ્રાણીઓને રાખવામાં આવ્યા છે. અહીં એમના માટે અતિ આધુનિક ગોઠવણ હોવા છતાં 'વનતારા'માં પ્રાણીઓની સંભાળ બરાબર લેવાતી નથી એવી કોર્ટ ફરિયાદ થઈ હતી.

જો કે સુપ્રીમ કોર્ટે એ ફરિયાદ ફગાવી દઈને 'વનતારા'માં બધું 'ઓકે' છે એવો ચુકાદો આપ્યો હતો.

આમ છતાં, પ્રાણીનાં સંગ્રહાલયના પક્ષમાં અને એની વિરૂદ્ધમાં સતત જાતભાતની દાખલા-દલીલો ચાલ્યા જ કરે છે. ઝૂની તરફેણ કરનારા કહે છે : ''શહેરી ઉછેર થયો છે એવાં બાળકો ટીવી શોમાં પશુ-પ્રાણીને નિહાળે જરૂર છે પણ જંગલમાં વસતાં પ્રાણીને આટલાં નજીકથી રૂબરૂ જોવાં-સમજવાં માટે આવાં ઝૂની તાતી જરૂર છે.'' એમની બીજી દલીલ એ છે કે વધતાં જતાં પ્રદૂષણને તથા વણસી રહેલાં પર્યાવરણને લીધે જંગલનાં અનેક પ્રાણીઓની વસતિ ઝડપભેર ઘટી રહી છે. એમનું અસ્તિત્વ ખતરામાં છે. નિષ્ણાતોના અંદાજ મુજબ છેલ્લાં ૫૦૦ વર્ષમાં ૮૦૦ જેટલાં જાનવરોની પ્રજાતિ - વંશજ લુપ્ત થઈ ગયાં છે અને જે ઓછાં બચ્યાં છે એ પણ ઝડપથી નિકંદનના આરે પહોંચી ગયાં છે. એમને અને એનાં જેવાં બીજાંને ઉગારવા માટે પણ આધુનિક પ્રાણીસંગ્રહાલયની તાકીદે જરૂર છે. ઝૂના તરફેણકારોની ત્રીજી દલીલ એવી છે કે આવાં સુરક્ષિત સ્થળે જ એમની આયુ કેમ વધારવી એને લગતાં વિજ્ઞાનિક પ્રયોગ- સંશોધન થઈ શકે. અમેરિકા તો વાર્ષિક ૨.૫૦ કરોડ ડોલરથી પણ વધુ ખર્ચે આવાં સંશોધન કરે છે અને જાનવર દ્વારા માનવીને થતાં રોગ-બીમારીનાં પગેરું અને એને નિવારવાના તબીબી ઉકેલ પણ શોધે છે.

આમ છતાં આયાતી કે દેશી જાનવર -પ્રાણીઓને એમનાં નૈસર્ગિક વાતાવરણમાંથી વિખૂટાં પાડી પિંજરામાં કેદ કરવાની માનવવૃતિનો અનેક 'ઍનિમલ લવર્સ' ગ્રુપ સખત વિરોધ કરે છે. એ લોકો કહે છે કે લૅટેસ્ટમાં લૅટેસ્ટ ટેક્નિકથી ઝૂને ગમે તેટલું અતિ આધુનિક બનાવીએ છતાં નૈસર્ગિક -કુદરતી વાતાવરણમાંથી છૂટ્ટું પડીને ઝૂના કૃત્રિમ વાતાવરણમાં એને ગોઠતું નથી એ હકીકત છે. થોકબંધ વિજ્ઞાનિક - તબીબી તારણો દર્શાવી ઝૂનો પ્રતિરોધ કરનારા અભ્યાસુઓ કહે છે કે સંગ્રહાલયમાં પ્રાણીનું બહુ ઝડપથી વજન વધે છે. પરિણામે માણસની જેમ જ એ પણ ઢગલાબંધ તબીબી સમસ્યાથી પીડાય છે. પીંજરું ગમે તેટલું મોટું હોય છતાં એ બંધિયાર જગ્યાને લીધે મનોમન અકળાય છે. ઝૂની અંદર પ્રાણીની સાયુજ્ય અને પ્રજનનશક્તિ ક્ષીણ થાય છે- પ્રજોત્પત્તિ ઘટે છે. ટૂંકમાં,અહીં એની આવરદા ટૂંકાઈ જાય છે. જંગલ કરતાં અહીં એ ઓછું જીવે છે. આ વિષમ હકીકત આંકડાથી પણ પુરવાર થઈ છે.

પશુ-પ્રાણીનાં મુકતજીવન માટે હિમાયત કરતા લોકો આજે એક વાત વારંવાર કહે છે : 'આપણી આસપાસના વાતાવરણને પ્રદૂષણમુકત કરી ધરતીનું પર્યાવરણ વધુ ચોખ્ખું કરવા આપણે સજ્જ થઈ રહ્યા છીએ ત્યારે પ્રાણીને કેદ કરી એનાં પીંજરાને વધુ આધુનિક બનાવવા સતત જંગી ખર્ચ કરીએ છીએ. એને બદલે પ્રાણીને જ્યાંથી આપણે લાવ્યાં છીએ એ જ વન-જંગલને વધુ ને વધુ સ્વચ્છ બનાવીએ તો માનવી અને પ્રાણી બન્નેને જિંદગીનાં અનેક વણમાંગ્યાં બૉનસ મળી જશે!'


ઈજિપ્તનું લેટેસ્ટ મ્યુઝિયમ



લંડનનું સૌથી જૂનું રિજન્ટ પાર્ક ઝૂ



જામનગરનું 'વનતારા' પ્રાણીસંગ્રહાલય